BRAMPTON
Flower City
brampton.ca

Service and Information Update

# શાળાઓ બંધ થવાના આવનાર સમયમાં સિટી ઓફ બ્રૅમ્પટન આખા દિવસના કેમ્પની સવલત આપશે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (28 જાન્યુઆરી 2020) – 31 જાન્યુઆરી 4ફેબ્રુઆરી, 6 ફેબ્રુઆરીના દિવસે  સિટી ઓફ બ્રૅમ્પટન આખા બ્રૅમ્પટન શહેરમાં પસંદ કરેલ કમ્યુનિટી સેંટરોમાં સુલભ અને કિફાયતી આખા દિવસના કેમ્પની સવલત પૂરી પાડશે કારણકે પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે પીલ એલિમેન્ટરી સ્કૂલ્સ કિન્ડરગાર્ટનથી 8 ધોરણના વિદ્યાર્થીઓ માટે સૂચિત દિવસો દરમિયાન બંધ રહેશે.

સિટી શાળા-વય બાળકોનાં મહેનતી માતાપિતા અને પરિવારોને મદદરૂપ થવા પ્રતિબદ્ધ છે.

તેવા દરેક દિવસે જ્યારે શાળાઓ બંધ હશે ત્યારે નીચેના સ્થળો પર ચાર વર્ષથી 13 વર્ષની વયના બાળકો માટે આખા દિવસનાં કેમ્પ ખોલાશે:

- બ્રૅમ્પટન સૉકર સેંટર (Brampton Soccer Centre)
- કેસી કેમ્પબેલ રિક્રિએશન સેંટર (Cassie Campbell Recreation Centre)
- ગોર મેડોઝ કમ્યુનિટી સેંટર (Gore Meadows Community Centre)
- ગ્રીનબ્રિઆર રિક્રિએશન સેંટર (Greenbriar Recreation Centre)

મળતા જાય  તે પ્રમાણે સિટી અપડેટ્સ પર દેખરેખ રાખશે. www.brampton.ca/recreation પર ઓનલાઈન અદ્યતન કરેલ પ્રોગ્રામ માહિતી અને રજિસ્ટ્રેશન વિગતો ઉપલબ્ધ રહેશે .

કૃપા કરી નોંધી લેશો કે પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ/ડફરિન-પીલ કૅથોલિક ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડની શાળાઓ બંધ રહેવાના પ્રસંગે જ આખા દિવસના કેમ્પની સવલત પૂરી પાડવામાં આવશે.

-30-

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઑર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પ્ટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca